
ગાંધીનગર સમાચાર

કુડાસણ સ્થિત પ્રમુખ આર્કેડમાં તસ્કરો ત્રાટકયા



# સેકટર-૪ નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓની ભારે ભીડ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં નવરાત્રી દરમિયાન ખેલૈયાઓમાં અનેરો આનંદ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવલી નવરાત્રીના બીજા દિવસે શહેરમાં ગરબાની રમઝટ ગરબા રસિકોએ બોલાવી હતી. નવરાત્રીના રંગે રંગાઈને અબાલ-વૃધ્ધ નાના મોટા સૌ કોઈ ગરબે ઘુમી માતાજીની આરાધના કરી આનંદ માણી રહ્યા છે. ત્યારે શહેરના સેકટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર પાસે આયોજીત નવરાત્રીમાં હજ્જારોની સંખ્યામાં માતાજીના ચાચરચોકમાં ખેલૈયાઓ ગરબે ઘુમતા હતા જયારે ખેલૈયાઓને નિહાળવા માટે ભાવિકોની ભીડ જામી હતી.

શહેરના સેકટર-૪ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીનું સુંદર આયોજન આયોજકો દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં માતાજીના બીજા નોરતે ચામુંડા મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ગરબાની જમાવટ કરવામાં આવી હતી. જેમાં મને માવતર મળે તો મા અંબા જોવા મળજો... મા એ ગરબો ગોરાવ્યો ગગન ગોખમાં રે.. આસોની અજવાળી રાતલડી.. છેલાજી રે મારી હાટુ પાટણથી પટોળા લેતા આવજો... તારા વિના શ્યામ એકલડું લાગે... સરરરર સરરરર મારું ચકડોળ ચાલે... જેવા અવનવા ગરબાના તાલે માતાજીના ચાચર ચોકમાં ખેલૈયાઓ મનભરીને ઘુમ્યા હતા. ગરબે ઘુમતા ખેલૈયાઓને જોવા સે-૪માં નવરાત્રી સમય દરમિયાન માનવ મહેરામણ ઉમટે છે. વિશાળ ગ્રાઉન્ડ, સાઉન્ડ સિસ્ટમ, પાર્કિંગ વ્યવસ્થા સહિત માતાજીનો ચાચર ચોક રોશનીથી ઝળહળતો હોવાથી ખેલૈયાઓ અન્ય સેકટરોમાંથી પણ ગરબે ઘુમવા આવે છે જયારે ગરબા ગ્રાઉન્ડમાં વિવિધ ચીજવસ્તુના આવેલા ફુડ સ્ટોલ પણ ભાવિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. નવરાત્રીમાં હોદેદારો, સભ્યો ખડે પગે હાજર રહી સેવા આપે છે.






(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

### ચોથુ નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ગોલ્ડન ચીયર્સ ગૃપના જયદીપ મહેતા ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ઝનકાર મ્યુઝીક ગ્રુપના ગાયક નિકીતાબેન અંજરીયા ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે કેશર કલા વૃંદ દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે પંકજ કાપડીયા દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે અમે મ્યુઝિકલ ગ્રુપ દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે શ્રી ગણપતિ કલાવૃંદના ગાયક રાજ સોલંકી ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી માંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે સુરાવલી ગ્રુપના સરલા દવે અને વિપુલસિંહ બિહોલા ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે કાજલ મહેરીયા અને પ્રવિણ સિધ્ધપુર (કોમલ આર્ટ-નરેશ સોલંકી) ગરબા રજૂ કરશે.

● જય બુટ ભવાની મા આંનદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો અલકાબેન જયદેવભાઈ બ્રહ્મભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૦૨/૨, સેકટર-૪-બી ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

● બલરામ મંદિર પરિસર સે-૧૨ ખાતે સાધના અને ગ્રો ફાઉન્ડેશનના ઉપક્રમે વિશિષ્ટ વ્યકિતઓનો ગરબા મહોત્સવ સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ડેવલપમેન્ટ ફીના મુદ્દે એનએસયુઆઈએ યુનિવર્સિટી રજીસ્ટ્રારને આવેદનપત્ર પાઠવ્યુ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત યુનિવર્સિટી ખાતે એનએસયુઆઈ દ્વારા આસીસ્ટન્ટ રીજીસ્ટ્રાર રાજેશ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટી તરફથી બેફામ રીતે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને મંજુરી આપવામાં આવી રહી છે. જયારે આ વર્ષે પાંચ વર્ષ માટે ઈન્ટીગ્રેટેડ લૉમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને મંજુરી આપવામાં આવી છે. જેમાં વાર્ષિક ફી રૂ. ૧,૨૫,૦૦૦ કરતાં વધુ છે છતાં કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૫૦૦૦ ડેવલપમેન્ટ ફીના નામે ઉઘાડી લુંટ ચલાવવામાં આવી રહી છે. જેના વિરોધમાં એનએસયુઆઈ દ્વારા ફી ઓછી કરો અથવા તો રૂ. ૫૦૦૦ ફી લેવાનું બંધ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

યુનિવર્સિટી ખાતે એનએસયુઆઈ દ્વારા રજીસ્ટ્રારને રજુઆત કરતા જણાવ્યું હતું કે કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થીઓ પાસેથી ડેવલપમેન્ટ ફી ઉઘરાવવામાં આવે નહી. કોલેજ દ્વારા વિદ્યાર્થી દીઠ ડેવલોપમેન્ટ ફી ભરવામાં આવે છે ત્યારે યુનિવર્સિટી દ્વારા તમામ કોલેજોને તાત્કાલીક અસરથી પરિપત્ર પાઠવી તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે. જેથી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી ઉઘાડી લુંટ ચલાવવાનું બંધ કરે તેવું એનએસયુઆઈ દ્વારા જણાવાયું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહામંત્રી શાહનવાઝ શેઠ, ઉપપ્રમુખ અસરાર સૈયદ, પ્રદેશ મંત્રી સુભ્હાન સૈયદ, સેનેટ સભ્ય હસમુખ ચૌધરી, યશવંતસિંહ વાઘેલા, પ્રવીણ વણોલ, અમદાવાદ શહેર મહામંત્રી પવન કાપડીયા, મંત્રી ઈરફાન સૈયદ, દિગ્વિજયસિંહ દેસાઈ, શુભમ દેસાઈ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# કુડાસણ સ્થિત પ્રમુખ આર્કેડમાં તસ્કરો ત્રાટકયા

## એક દુકાનનું તાળુ તોડી સિગારેટના ખોખા ચોરી ગયા






ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટીથી નજીક આવેલા કુડાસણ વિસ્તારના શોપીંગ કોમ્પ્લેક્ષને તસ્કરોએ નિશાન બનાવી સિગારેટના હોલસેલના વેપારીની દુકાનનું તાળુ તોડયું હતું. દુકાનનું તાળુ તોડીને તસ્કરો સિગારેટના ખોખાઓની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. જો કે આ બનાવ અંગે મોડી સાંજ સુધી કોઈ પ્રકારની પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

ન્યુ ગાંધીનગર વિસ્તારના કુડાસણ ગામની સીમમાં આવેલા પ્રમુખ આર્કેડમાં રાત્રી દરમિયાન તસ્કરો ઘુસ્યા હતા. પ્રમુખ આર્કેડના શોપીંગ સેન્ટરમાં સ્થિત પાન-બિડી-સિગારેટની હોલસેલની દુકાન અક્ષર ટ્રેડર્સને રાત્રે આ તસ્કરોએ નિશાન બનાવી હતી. દુકાનનું તાળુ તોડીને ઘુસેલા તસ્કરો અંદરથી આશરે રૂ. ૧૪૦૦ની કિંમતની વિવિધ બ્રાન્ડની સિગારેટના પેકેટસ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે જાણ થતા ઈન્ફોસીટી પોલસ ઘટના સ્થળે પણ પહોંચી ગઈ હતી જો કે પોલીસ ફરિયાદ થવા પામી ન હતી.

## વાતવાતમાં

● અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વાઈબ્રન્ટ નવરાત્રીમાં યોજાયેલ રાજયકક્ષાની ગરબા સ્પર્ધામાં ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર આશાબેન સરવૈયા તથા જગતસિંહ ઝાલા નિર્ણાયક તરીકેની સેવાઓ પુરી પાડી રહ્યાં છે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં વિશાળ એલઈડી સ્ક્રીન અને સાઉન્ડ સીસ્ટમ તદન નવા જ ઈન્સ્ટોલ કરાયા છે. જેના કારણે પ્રેક્ષકોને લાઈવ ગરબા નિહાળવામાં અને ખેલૈયાઓને ગરબાના તાલે ઝુમવામાં અનેરો આનંદ આવી રહ્યો છે.

● ગાંધીનગરના સર્કિટ હાઉસ પાછળની લોનમાં આઈએએસ ઓફિસર્સ પરિવારો માટે નવરાત્રીની ઉજવણીનું આયોજન કરાયું હતું. આ ઉજવણીમાં આઈએએસ ઓફિસર્સે પરીવાર સહિત રાસ ગરબાનો આનંદ ઉઠાવ્યો હતો.

● કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં નાના બાળકો માટે સ્પેશિયલ કીડ ગ્રાઉન્ડની વ્યવસ્થા કરાઈ છે. અહીં ટ્રેડીશનલ વસ્ત્રોમાં સોહામણા લાગતા ભૂલકાઓને પોતાની મસ્તીમાં ગરબે ઘુમતા જોવા એક લ્હાવા સમાન છે.

● નગરમાં નવરાત્રીના પગલે કોર્પોરેટ કંપનીઓ તથા બેંકો દ્વારા દાંડિયાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ખેલૈયાઓને પ્રોત્સાહન થકી બ્રાન્ડ વેલ્યુ વધારવા કંપનીઓ અને બેંકોની હોડ જામી છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# આંતરિક રમતોત્સવમાં નર્સિંગ કોલેજના ખેલાડીઓ ઝળકયા



કડી સર્વ વિદ્યાલય કેમ્પસ દ્વારા આયોજિત આંતરિક કોલેજ રમત સ્પર્ધા ૨૦૧૫માં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બેડમિન્ટનની રમતમાં નર્સિંગ કોલેજમાં ફોરમ ચૌધરીએ કબડ્ડીની રમતમાં ફિશા ખારા અને ભારતી પરમારની ફાઈનલ રમત માટે પસંદગી કરવામાં આવી હતી.

# અન્ડર-૧૭ શાળાકીય હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાતની મહિલા ટીમે રજત જીત્યા

ગાંધીનગર, તા.૧૫

૬૧મી શાળાકીય અંડર-૧૭ હેન્ડબોલ ભાઈઓ અને બહેનોની સ્પર્ધા તા. ૧૦-૧૦-૧૫થી તા. ૧૪-૧૦-૨૦૧૫ દરમિયાન હૈદરાબાદ, તેલંગાણા ખાતે યોજાઈ ગઈ. જેમાં જુદા જુદા રાજયોની કુલ ૨૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની બહેનોની ટીમે ઐતિહાસિક પ્રદર્શન કરી રજત ચંદ્રક મેળવેલ છે. અત્રે નોંધનીય છે કે રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાતની બહેનોની ટીમે પ્રથમવાર મેડલ મેળવેલ છે. તેમજ ગુજરાતની ભાઈઓની ટીમે પણ ઉત્કૃષ્ઠ દેખાવ કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

ઉપરોકત મેડલ વિજેતા બંને ટીમોને ઘનિષ્ઠ તાલીમ મળી રહે તે માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તા. ૨૮-૯-૨૦૧૫ થી ૮-૧૦-૨૦૧૫ દરમિયાન ગોધરા ખાતે ઘનિષ્ઠ તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહેનોની ટીમને હેન્ડબોલ કોચ દક્ષેશ કહાર અને ભાઈઓની ટીમને હેન્ડબોલ કોચ નિમેષ પટેલે તાલીમ આપી હતી.

હેડ કોચ કૌશિક પટેલે ખેલાડીઓને અભિનંદન પાઠવેલ છે. રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય હેન્ડબોલ સ્પર્ધામાં વિજેતા તમામ ખેલાડીઓને ગાંધીનગર જિલ્લા હેન્ડબોલ એસોસીએશનન ચેરમેન ભરતજી ઠાકોર, પ્રમુખ ડી.એન. વાટલીયા અને ઉપપ્રમુખ ચંદ્રેશ વાઘેલાએ એસોસીએશનના તમામ સભ્યો, ખેલાડીઓ અને રાજયના રમત પ્રેમીઓ વતી અભિનંદન પાઠવેલ છે.

# સરકારી વિજ્ઞાન કૉલેજના વિદ્યાર્થી પ્રતિનિધિઓ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૧૫

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થી પ્રતિનિધિની વરણી કરવામાં આવી છે. આ પ્રક્રિયામાં સૌ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કૉલેજના સામાન્ય મંત્રી તરીકે અશ્વિન ઠાકોર, જીમખાના મંત્રી તરીકે રાહુલ પટેલ, સાંસ્કૃતિક મંત્રી તરીકે વિષ્ણુ બારોટ, વક્તૃત્ત્વ મંત્રી તરીકે હાર્દિક રાદડિયા, વિદ્યાર્થીની પ્રતિનિધિ તરીકે સ્વીટી બિશ્વાસ અને સીઆર તરીકે રચના પટેલ ચૂંટાયાં હતાં.

કૉલેજનાં આચાર્ય કુ. પી એ વાઢેર તથા વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ચૅરમૅન ડૉ. તારક ઠક્કરે વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# સેકટર-૧૭ નવરાત્રી ખાતે વિદેશી મહિલાઓ ગરબે ઘુમી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં શેરી ગરબાઓનું અનેરુ મહત્વ છે. શહેરના સેકટર-૧૭માંયોજાતી પરંપરાગત નવરાત્રીમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ભાવકો ઉમટે છે. નવલા નોરતામાં ગરબા ઘૂમી માની આરાધના કરતા ખેલૈયાઓ નજરે પડે છે ત્યારે સેકટર-૧૭ના શોપીંગ સેન્ટર ખાતે માતાજીના બીજા નોરતે મા ના ચાચર ચોકમાં શહેરની મહેમાન બનેલી વિદેશી મહિલાઓ ગરબે ઘુમી હતી. આ વિદેશી મહિલાઓને ગરબે રમતા જોવા ભાવિકોની ભીડ જામી હતી. વિદેશી મહિલાઓએ તુરંત જ સ્ટેપ શીખી ગરબે ઘુમતા હાજર ભાવિકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. નગરના સે-૧૭ ખાતે આયોજીત નવરાત્રીમાં આ મહિલાઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. જયારે મા ના ગરબા ગાઈને વિદેશી મહિલાઓએ પણ શકિત અને ભકિતના પર્વની ઉજવણી કરી હતી.





ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસની એસ.જી. ઈંગ્લીશ મિડીયમ પ્રા. સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે પુષ્તાવસ્થાના લક્ષણોની જાણકારી વિષયે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં નર્સિંગ કોલેજના પ્રા. સુશીલ ગાયકવાડ, નિલય પટેલ તથા સિજી સદા શિવમ ઉપરાંત એમએસસી નર્સિંગના પહેલા વર્ષના વિદ્યાર્થીઓએ બાળકોને માર્ગદર્શન પુરું પાડયું હતું.



બલરામ મંદિર, સેકટર-૧૨ ખાતે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા નવરાત્રી પર્વ નિમિત્તે બેઠા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)



ન્યુ ગાંધીનગરના કુડાસણ માર્ગ પરની પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નવરાત્રિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં શાળાના કર્મચારી ગણ સહિત વિદ્યાર્થીઓ ભારે ઉલ્લાસપૂર્વક જોડાયા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

# સેકટર-૫-બીમાં નવરાત્રીના પ્રથમ નોરતે મેયર હંસાબેન મોદીના હસ્તે ઉદ્ઘાટન

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૫-બી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા નવલી નવરાત્રીની ઉજવણીના ભાગ રૂપે તા. ૧૩ ઓકટોબરના રોજ પ્રથમ નોરતાનું ઉદઘાટન કરી શરૂઆત ગાંધીનગરના મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર હંસાબેન મોદીના વરદ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, વોર્ડ નં. ૧૦ના કોર્પોરેટર પરાગીબેન પંડયા, શંકરભાઈ ચૌધરી, સે-૫-બીના વસાહતી પ્રમુખ કેશરીસિંહ બિહોલા તેમજ નવરાત્રી સમિતિના પ્રમુખ પ્રેમલસિંહ ગોલ અને પૂર્વ પ્રમુખ અંબુસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા.

આ શુભ પ્રસંગે મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરીને મહાકાળી માતાની આરતી કરવામાં આવી હતી તથા સમગ્ર નવરાત્રી સમિતિનું સંચાલન ખજાનચી સુરેશકુમાર ટી. વ્યાસ, ઉપપ્રમુખ ઘનશ્યામસિંહ ચૌહાણ, ભાવેશભાઈ બારોટ, રમેશભાઈ રાવળ, ચીમનભાઈ રાજગોર દ્વારા કરવામાં આવ્યું છે.

# આજે કૂષ્માંડા માતાજીના પૂજનનો મહિમા

## સમગ્ર જગત જેના ચરણોમાં છે તે કૂષ્માંડા માતાજીએ બ્રહ્માંડની રચના કરી તેજ આપ્યું હતું

જગત જનની જગદંબાના મહાપર્વ નવરાત્રીની સર્વત્ર ધાર્મિક વિધિ વિધાન પૂર્વક અને ગરબે ઘુમીને ધામધુમપૂર્વક ઉજવણી થઈ રહી છે. જેમની પૂજા અર્ચનાથી મનોકામના સિધ્ધ થાય અને જેમની આરાધના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કરે છે તેવા મા દુર્ગાના અવતારોનું વર્ણન પૌરાણિક ગ્રંથોમાં કરેલું છે તે મુજબ હાલ માતાજીના ત્રણ સ્વરૂપોનું પૂજન કરવામાં આવ્યું છે અને આજે તેજ અને પ્રકાશ ફેલાવનાર તેજોમય કૂષ્માંડા માતાજીના ચતુર્થ સ્વરૂપનું પૂજન અને અર્ચન કરવામાં આવશે.

સમગ્ર જગત જેના ચરણોમાં છે તેવા આદ્યશકિત કૂષ્માંડા માતાજીએ સૃષ્ટિનું અસ્તિત્વ જ નહોતું ત્યારે બ્રહ્માંડની રચના કરી હતી. તેમના મંદ મંદ હાસ્યથી બ્રહ્માંડની ઉત્પત્તિ થવાના કારણથી તેઓ કૂષ્માંડા કહેવાયા છે અને તેથી જ આ માતાજી સૃષ્ટિની આદિ સ્વરૂપા આદ્ય શકિત ગણાય છે. કૂષ્માંડા માતાજીનું નિવાસ સુર્યમંડળના અંદરના લોકમાં છે અને ત્યાં નિવાસ



કરવાની શકિત અને ક્ષમતા ફકત આ દેવી માં જ છે. માતાજીની શરીરની કાંતિ અને પ્રભા સુર્યની સમાન અલૌકિક છે. જેથી દૈવ્ય શકિતના તેજથી અને પ્રકાશથી બ્રહ્માંડની બધી વસ્તુઓ અને પ્રાણીઓમાં રહેલા તેજમાં માતાજીની છાયા રહે છે. સૃષ્ટિની દશે દિશાઓ માતાજીના તેજ અને પ્રકાશથી એટલે જ પ્રકાશિત થઈ રહી છે.

કૂષ્માંડા માતાજીની આઠ ભૂજાઓ છે જેથી અષ્ટભૂજા દેવીથી પણ પૂજાય છે. માતાજીના સાત હાથોમાં ક્રમશઃ કમંડલ, ધનુષ, બાણ, કમલપૂષ્પ, અમૃતપૂર્ણ કળશ, ચક્ર તથા ગદા છે જયારે આઠમાં હાથમાં તમામ સિધ્ધીઓ અને નિધિયોપ્રદાન કરાવાવાળી જપમાળા છે. માતાજી સિંહના વાહન ઉપર સવાર રહે છે. માતાજીના આ સ્વરૂપની ભકિત, પૂજા, અર્ચન અને ઉપાસનાથી ભકતોના તમામ રોગ, શોક દુર થાય છે તેમજ આયુષ્ય, યશ, બળ અને આરોગ્યમાં વૃધ્ધી થાય છે. ચતુર્થ દિવસે સાધકનું મન 'અદાહત' ચક્રમાં અવસ્થિત હોય છે જેથી બહુ જ પવિત્ર અને અચંચલ-મનથી કૂષ્માંડા માતાજીના આ સ્વરૂપનું પૂજા ઉપાસનાનું કાર્ય કરવું જોઈએ. નવરાત્રીના નવ દિવસ દરમિયાન મા ભગવતીના સ્વરૂપોના પૂજન અર્ચનનો મહિમા શાસ્ત્રોમાં વર્ણવાયો છે તે મુજબ થતા પૂજન અર્ચનથી સાધકના તમામ દુઃખો દુર થાય છે અને આ લોકમાં સુખ ભોગવી પરલોકને પામે છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# એમ.બી. પટેલ સ્કૂલ ઉંચી કૂદમાં રાષ્ટ્રકક્ષાએ

ગાંધીનગર, તા.૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પટેલ યાત્રી હસમુખભાઈ (ધો-૮-ક)એ રાજયકક્ષાની 'ઊંચી કૂદ' સ્પર્ધામાં નંબર મેળવી તા. ૧૧-૧૦-૨૦૧૫ના રોજ 'નેશનલ વેસ્ટઝોન'ની અજમેર ખાતે યોજાયેલ ઊંચી કૂદ સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધારેલ છે તે બદલ શાળા પરીવાર વતી ખુબ ખુબ અભિનંદન. શાળાના વ્યાયામ શિક્ષિકા દક્ષાબેન એમ. પટેલે આ વિદ્યાર્થીનીને સતત માર્ગદર્શન આપ્યું હતું.



## ચિરવિદાય

- સ્વ. દંતાણી અમૃતભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. લક્ષ્મણજી છગાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર ગાંડાજી કડવાજી, ઉ.વ. ૭૨